


# વાયડામિત્ર

વર્ષ : ૯૮ અંક : ૩ માર્ચ – ૨૦૨૦

કિંમત રૂ. ૩૦/– (વાર્ષિક)



With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

Address

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**માર્ચ - ૨૦૨૦, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૮, અંક–૩**

VAYVASET Connecting mutual strengths

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in



### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,

ઓફ એસ.જી. હાઈવે, ગોતા–જગતપુર રોડ, અમદાવાદ–૩૮૨૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ–મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/– સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## પ્રેરણાદાયી વિચાર – ખલિલ જિબ્રાન



જિબ્રાન ખલિલ જિબ્રાન – ૧૮૮૩ થી ૧૯૩૨

સત્ય અને સૌંદર્યના ઉપાસક – જ્ઞાની, કવિ અને ચિત્રકાર

ટૂંકું પણ એક ઉત્કૃષ્ટ જીવન તેઓ જીવ્યા. આજે ૮૫ વર્ષના દીર્ઘ સમય પછી પણ તેમના પુસ્તકો વંચાય છે. રજનીશજીએ તેમની પસંદગીના જગતના ૫૦ ઉત્તમ પુસ્તકોમાં જિબ્રાનના "ધ પ્રોફેટ"ને સ્થાન આપ્યું. જિબ્રાનની આ અસંખ્ય આવૃત્તિઓ પામેલી અને કરોડો લોકો દ્વારા વંચાયેલી ઉત્તમ કૃતિ છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ આ કૃતિને ગુજરાતીમાં 'વિદાય વેળાએ' રૂપાંતરીત કરી છે. આ પુસ્તકને જિબ્રાને પોતાના અગમ્ય અને ભાવવાહી ચિત્રો વડે સુશોભિત કર્યું છે. પુસ્તકની સરળ ભાષા અને જીવનના સત્યોની અનોખી રજૂઆતને કારણે દેશ–વિદેશમાં એના પ્રત્યે ધ્યાન ખેંચાયું.

સમયની દ્રષ્ટિએ જોતાં એમનું જીવન ટુકું હતું પણ સમયના માપમાં ન તો તેઓ કદી જીવ્યા કે ન તો તેમણે કદી વિચાર્યું. તેઓ કહેતા કે – 'આપણે અનંત છીએ' અને એમની ઝંખના હતી જેના વડે એમનું જીવન દોરાયું કે – 'આત્મા અવકાશ કરતા વધુ શકિતશાળી છે, સમય કરતાં વધુ મજબુત છે, સમુદ્ર કરતા ઊંડો છે અને તારાઓ કરતાં ઊંચો છે.' તેમના આ શબ્દો ગીતાના શ્રી કૃષ્ણના વચનોની યાદ અપાવે છે.

'ધ પ્રોફેટે'નું મુખ્ય પાત્ર છે–અલ મુસ્તુફા (પ્રભુનો અનુગ્રહ પામેલ). જે લોકો સમક્ષ જીવનની સનાતન અને સાર્વત્રિક રજૂઆત કરે છે. જીવનના ચિરકાળના ગીતનું એ ગાન છે. પયગંબરી છે એના ધ્વનિ અને આકાશી વિચાર અને સામુહીક લાગણી છે એના વાજિંત્રો. જીવન પ્રત્યેનો એક તાજગીભર્યો દ્રષ્ટિકોણ અહીં જોવા મળે છે.

'Your joy is your sorrow unmasked' 'Your pain is breaking of the shell that encovers your understanding' અને 'Beauty is eternity gazing at itself in a mirror but you are eternity and you are mirror.' અલમુસ્તુફાનું પાત્ર જાણે જિબ્રાન પોતે જ છે. જો કવિના આત્માની આત્મકથા આપણે જોઈતી હોય તો તે 'ધ પ્રોફેટ' અને 'ધ ગાર્ડન ઓફ ધ પ્રોફેટ' માં વાંચી શકીએ.

તેમની રાષ્ટ્રભાવનાનું સાક્ષાત મૂલ્ય તેમના 'Pity the Nation' માં પ્રગટ થાય છે. એ દેશની દયા ખાજો, જે માન્યતાઓથી ભરેલો પરંતુ ધર્મવિહોણો છે. દેશ કેવો ઉન્નત અને

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

ગૌરવવંતો હોવો જોઇએ તેનું સુરેખ ચિત્ર આ કાવ્યમાં જોવા મળે છે.

મહર્ષિ ટાગોર અને જિબ્રાનના વિચારોમાં સામ્ય જણાય છે. ટાગોરના મત મુજબ ઈશ્વરનો સાક્ષાત્કાર જીવનના સામાન્ય સંબંધોમાં અને જેના આધારે જગત ટકેલું છે તેવા રોજિંદા કાર્યોમાં કરવાનો છે. જિબ્રાન પણ એવો જ વિચાર આપે છે. 'Your daily life is your temple and your religion' અને 'મંદીર તમારી જ અંદર છે અને તમે સ્વયં જ છો' તેના પૂજારી ટાગોરની જેમ જિબ્રાન પણ સત્યના નિર્ભીક અને નિષ્ઠાવાન શોધક છે 'Truth is the will and purpose of GOD in man'

જિબ્રાન ભાવનાપ્રધાન દીર્ઘોદ્યોગી હતા. પરીશ્રમ માટે તેમણે લખ્યું છે. 'Work is love made visible.' 'શ્રમ એટલે પ્રેમનું સાકાર સ્વરૂપ' અને પ્રેમ વિનાની મહેનત નકામી છે પણ જયારે તમે પ્રેમથી મહેનત કરો છો ત્યારે તમે પોતાનો પોતા સાથે, બીજા સાથે તેમ જ ઈશ્વર સાથે યોગ કરો છો.

જિબ્રાન કહે છે : 'માણસજાતને મેં હંમેશા ચાહી છે. અરે ! વધારે તો મેં માનવીઓને ચાહ્યા છે અને મારા મત મુજબ ત્રણ માનવો છે – એક તો એ કે જે જિંદગીને આપતો હોય, બીજો વળી એને આશીર્વાદ દેતો હોય અને ત્રીજો એની ઉપર ચિંતન કરતો હોય. પહેલાને હું એના દુઃખ બદલ ચાહું છું બીજાને એની પ્રામાણિકતા બદલ અને ત્રીજાને એના ડહાપણ બદલ.'

વળી તેઓ કહે છે : 'વાતોડીયાઓ પાસેથી હું શાંતિને સમજયો છું,
અસહિષ્ણુ લોકો પાસે સહિષ્ણુતા શીખ્યો છું,
જેઓ નિર્દય છે તેમની પાસેથી દયાનું જ્ઞાન મેળવ્યું છે,
છતાં કેવી વિચિત્રતા છે,
હું આ બધા શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞી નથી!'
સભ્યોને સરળતાથી પ્રગટ કરનાર એ જ્ઞાની આત્મા કહે છે –
'એ માનવી મુક્ત છે જે ગુલામીનો બોજ પણ ધીરજથી વહન કરે છે'
'સમન્વય દષ્ટિએ સત્ય અન્વેષણની પહેલી જરૂરીયાત છે.' અને
'You talk when you cease be at peace with your thoughts'

જીવન પ્રત્યેની એમની શ્રદ્ધા અને ભાવના બહુ ઉંડા છે અને એવું જ નિરાળું છે એમનું મૃત્યુ વિષેનું ચિંતન તેઓ કહે છે – 'તમારે મૃત્યુનું રહસ્ય જાણવું છે પણ તમે તેને કેવી રીતે જાણશો, જો તમે તેને જીવનના મધ્યમાં જ ન ખોળો તો ? અને જે જીવન

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

શરીરની અંદરના જ જીવનને શોધે છે, તે જ કબરથી ડરે છે'
વળી, જીવનના સાતત્યમાંની તેમની શ્રદ્ધા:
'થોડો સમય વાયુ પર ક્ષણભર વિશ્રાંતિ અને એક બીજી માતા મને ધારણ કરશે.'

'I Shall live beyond death and
I Shall ring in your ears,
Even after the vast sea wave,
Carries me back
To the vast sea depth'

જિબ્રાનનાં જીવન પર તેમની માતાની ઊંડી અસર છે. તેમણે કહ્યું
'માતાના હૃદયમાં શાંતિથી સુતેલુ ગીત બાળકના ઓષ્ટ પર ગવાશે'
જિબ્રાનના સમયાતીત વિચારો સદીઓ સુધી જીવશે અને વૃદ્ધિગત થશે.

'Yesterday is but today's memory
and tomorrow is today's dream'

પ્રેષક : જગદીશ પરીખ,
અમદાવાદ



**મોતૈયો**

નયનોનાં નખરા થાકયા હવે,
કારણકે પચાસએ મારી કાંકરી,
દૃષ્ટિમાં થયા વમળો કારણકે,
મોતૈયા એ પીઠ થપથપાવી,
સુસ્વાગતમ છે આ મહેમાનનું,
થાશે નયનોમાં નવું આરોપણ.
ને થાશે નવલું નવું નીરખવાનું

– ડો. રાકેશ પરીખ
અમદાવાદ

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

## FROM A DOCTOR'S VIEW
## શું બાળકો માટે MOBILE PHONE સુરક્ષિત છે ?



છેલ્લા દશકામાં MOBILE PHONEનું વર્ચસ્વ ખૂબ જ વધી ગયું છે. બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ કોઈને આનો ચસકો ચડી ગયો છે પણ અગત્યની વાત એ છે, કે MOBILE PHONE આપણને તો હાનિ પહોંચાડે જ છે, સાથે–સાથે અન્ય જીવ માટે પણ એટલાં જ નુકસાનકારક છે. સૌથી વધુ નુકશાન બાળકોને થાય છે.

૬ વર્ષથી નાના બાળકો માટે MOBILE અત્યંત નુકશાનકારક છે. એમાંથી નીકળતા ELECTRO MAGNETIC RADIATIONS બાળકના માનસિક GROWTH અને DEVELOPMENT ને અવરોધે છે. આનાથી બાળકનું માનસિક સ્તર એની ઉંમરના બીજા બાળકો કરતાં ઓછું રહી જાય છે. બાળકોના DEVELOPING BRAIN બહુ સંવેદનશીલ હોય, માટે ૬ વર્ષથી નાના બાળકોને તો ખબર પણ ન હોવી જોઈએ કે MOBILE એટલે શું?

PARENTS, તમારે બાળકોની હાજરીમાં MOBILEનો બને એટલો ઓછો પ્રયોગ કરવો. ૬ – ૧૨ વર્ષના બાળકો માટે જો વપરાશ અનિવાર્ય હોય – તો જ અને એ પણ દિવસમાં અડધા કલાકથી વધુ સમય માટે નહીં. PHONE પર વાત કરતાં HEAD-PHONES / EARPHONES વાપરવાથી નુકશાન ઓછું થશે. જો બાળકો લાંબા સમય સુધી MOBILE વાપરે, તો SCREENની BRIGHTNESSના કારણે બાળકોની SLEEP CYCLEમાં ખલેલ પડે છે, તેમનું CONCENTRATION અને COGNITIVE ABILITIES (વાંચવા – લખવાં – શીખવાની શક્તિ) ઓછી થતી જાય છે. એક સંશોધન મુજબ, એમનું INTELLECTUAL QUOTIENT પણ ઘટી શકે છે. માટે PARENTS ને સલાહ, કે બાળકોને TIME PASS માટે MOBILE માં VIDEOS કે GAMES આપવાં કરતાં, એમના માટે સમય ફાળવવો.

MOBILE ના વધુ વપરાશથી આંખોને નુકસાન થાય છે. બાળકોની આંખોને STRAIN પડે, આંખો નબળી થાય, આંખે ચશ્માં પણ આવી શકે, આંખોમાં INFECTION થઈ શકે. લાંબા ગાળે આ બધી જ તકલીફોથી નાની ઉંમરે બહેતાલા ચશ્મા આવે, ઝામર અને મોતીયાની તકલીફો થાય.

સતત લાંબા સમય સુધી MOBILEના વપરાશથી બાળકોનું POSTURE ખરાબ થાય. ગરદનને વધુ STRAIN પડે – આથી MOBILE CERVICAL SPONDYLITIS ની

સમસ્યા ઉદ્‌ભવી શકે. પીઠનો દુ:ખાવો રહે – પીઠ કમજોર રહે.

બાળકોમાં MOBILEના વ્યસનથી તેઓ આળસુ થઈ જાય છે. આખો દિવસ ઘરમાં રહીને MOBILE પર GAMES રમ્યા કરે. બાળકો માટે OUTDOOR ACTIVITIES ખૂબ જ જરૂરી હોય છે. એમનાં માનસિક અને શારીરિક વિકાસ માટે રોજ ઓછામાં ઓછો ૧ કલાક તો બાળકોએ OUTDOOR PLAY માટે ફાળવવો જ જોઈએ. MOBILEના કારણે બાળકો એકલપટા થતા જાય છે, એમને SOCIALISATION આવડે એ પણ ખૂબ જ જરૂરી છે.

MOBILE PHONEના SIGNALના TOWERSમાંથી એટલાં POWERFUL ELECTRO-MAGNETIC RADIATIONSનું ઉત્સર્જન થાય છે કે એની આસપાસના ૧ કિ.મી. સુધીના વિસ્તારમાં રહેતા બાળકોમાં LEUKEMIA (એક જાતનું લોહીનું CANCER)ની સંભાવના ૫૦ ટકા વધી જાય છે. માટે આ TOWERS વસ્તીથી દૂર હોવા જોઈએ – પણ આ આપણા હાથમાં નથી. પણ બાળકોને MOBILE થી દૂર રાખવાં – એ આપણાં હાથમાં જરૂર છે.

બાળકો આ ELECTRO-MAGNETIC RADIATIONS પુખ્તવયના લોકો કરતા ૬૦ ટકા વધુ શોષે છે અને એમના વિકસતા મગજમાં, આ RADIATIONS વધુ ઊંડે સુધી શોષાય. આથી, બાળકોમાં મગજની ગાંઠ (CANCER) અને GENETIC DAMAGEની શક્યતા વધે.

વર્ષ ૨૦૧૬ એક REPORT મુજબ MOBILE PHONES માંથી નીકળતા ELECTRO - MAGNETIC RADIATIONS એ FERTILITY ને પણ નુકશાન કરે છે. આ RADIATIONS સ્ત્રીઓના અંડકોષને નુકશાન કરે અને પુરૂષોમાં વૃષણને નુકસાન થતાં શુક્રાણુઓની સંખ્યા અને ગુણવત્તામાં ઘટાડો થાય. બાળપણમાં થયેલા આ નુકસાનથી આગળ જતા INFERTILITY ની સમસ્યા રહી શકે.

ટૂંકાણમાં – **ના, બાળકો માટે MOBILE PHONES સુરક્ષિત નથી.** માટે ૬ વર્ષ સુધીના બાળકો માટે NO MOBILE PHONES અને ૬ – ૧૨ વર્ષના બાળકો માટે દિવસમાં અડધા કલાકથી વધુ સમય માટે નહીં.

**- DR. FORAM AMISH PARIKH**
**VADODARA**
**(FOR COMMENTS & QUERIES,**
**CONTACT : faparikh99@gmail.com)**

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

## વાર્તાઓના વૃંદાવનમાં – માછલીની દુકાન પરનું પાટિયું
## (ઓશો રજનીશજીએ પ્રસ્તુત કરેલી વાર્તાઓના સંગ્રહ પર આધારિત)



એક વ્યક્તિએ નવી દુકાન ખોલી અને તેના ઉપર પાટિયું લગાવ્યું કે "તાજી માછલીઓ અહીં વેચાય છે." તેનો એક મિત્ર આવ્યો અને કહેવા લાગ્યો કે–તે પાટિયા ઉપર "અહીં" શબ્દ કેમ લખ્યો છે ? અહિંયા વેચાય છે એ તો બધાને દેખાય છે તો "અહીં" શબ્દ કાઢી નાખ. એટલે તેણે "અહીં" શબ્દ કાઢી નાખ્યો. બીજો મિત્ર આવ્યો. એણે કહ્યું કે – "વેચાય છે" એ શબ્દ વધારાનો છે. વેચવા માટે તો માછલી મૂકી છે. શું તું કઈ મફતમાં આપવાનો છે ? એટલે એણે "વેચાય છે" શબ્દ કાઢી નાખ્યો. ત્રીજો મિત્ર આવ્યો એણે કહ્યું કે– "તાજી માછલી?" માછલી તો તાજી જ હોવી જોઈએ. વાસી કોણ લેવાનું હતું? "તાજી" શબ્દ કાઢી નાખ. તેણે "તાજી" શબ્દ કાઢી નાખ્યો. હવે માત્ર "માછલી" શબ્દ રહ્યો. ચોથા મિત્રે કહ્યું કે–"માછલી" શબ્દની શી જરૂર છે ? દૂરથી એની ગંધ આવે છે. વળી દેખાય પણ છે. દુકાનદારે પાટિયા ઉપરનું બધું લખાણ ભૂંસી નાખ્યું. પાંચમી વ્યક્તિએ આવીને કહ્યું કે "કોરું બોર્ડ દુકાન ઉપર લગાવવાથી શું ફાયદો ?" એટલે દુકાનદારે પાટિયું હટાવી લીધું. એક અન્ય મિત્રએ આવીને કહ્યું કે,– આટલી મોટી દુકાન ખોલી છે અને એક પાટિયું પણ માર્યું નથી કે "તાજી માછલીઓ અહીં મળે છે." ?

વાર્તા કદાચ સામાન્ય લાગે પણ આપણા દૈનિક જીવનને સરળતાપૂર્વક ચલાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ સંદેશ આપી જાય છે. સામાન્યતઃ આપણે બધી વ્યક્તિઓનું સાંભળીને વધારે મૂંઝવણમાં મૂકાતા હોઈએ છીએ. પ્રત્યેક વ્યક્તિની વિચારવાની શક્તિ અલગ અલગ છે તેથી સલાહો પણ વિવિધ મળતી રહે છે. જો કે એનો અર્થ એવો નથી કે તેઓ શુભેચ્છક નથી. સાંભળો બધાનું અને એ પણ ધ્યાનપૂર્વક. એ લોકો શું કહેવા માંગે છે તેના ઉપર શાંતિથી વિચાર કરા. એમના અનુભવોનો લાભ ઉઠાવો પણ અમલમાં આપણી જે આંતરસૂઝ (ઈનસાઈટ) કહે તેને જ અનુસરો. બધાની સલાહને અનુસરીશું તો વાર્તામાં દર્શાવેલ દુકાનના માલિક જેવી સ્થિતિ થાય. આપણે શું કરવું અને શું ન કરવું તેનો નિર્ણય લેવામાં અન્ય ઉપર આધારિત થઈ જઈએ છીએ. આ સ્થિતિ માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિની નથી. સ્વયંની આંતરસૂઝ પર નિર્ભર કરીને જ નિર્ણય લેવો એ જ યથાર્થ સ્થિતિ છે.

**– ડૉ. પ્રજ્ઞા શાહ, વડોદરા, pragnas59@gmail.com**

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

## દયા



દયા, જેવું નામ તેવું જ રૂપ. એકલી અટુલી દયા તેના નાનકડા ગોપાલને લઈ રોજ મંદિરે ભીખ માંગતી. મર્સિડીઝમાં આવતા નંદકિશોર અને રાધિકા તેને રોજ મદદ કરતાં. બાપ વગરના દિકરા અને માં પર, નંદકિશોર અને રાધિકાને દયા આવતી. નંદકિશોર અને રાધિકા સંતાનવિહીન કરોડપતિ હતા. તેઓ નાનકડા ગોપાલને રોજ પ્રેમથી રમાડતા. દયા પણ તેમના ગોપાલને રમાડવા આવતી. દયાને ખબર હતી કે રાધિકાને સંતાન ન હતું. ઘણા સમય આમ ચાલ્યું પણ પછી એક દિવસ નંદકિશોર અને રાધિકા મંદિરે આવ્યા ત્યારે જોયું તો ગોપાલ એકલો ત્યાં રમતો હતો, દયાનો કોઈ અત્તો–પત્તો મળ્યો નહિ. ઘણો સમય રાહ જોવા અને શોધવા છતાં દયા ન આવી. ગોપાલને એકલો કેમ મૂકી શકાય! તેમ વિચારી નંદકિશોર અને રાધિકા, ગોપાલને પોતાના ઘરે લઈ ગયા અને મંદિરમાં અને આજુ–બાજુમાં કહી રાખ્યું કે દયા આવે તો અમારા ઘરે મોકલજો. દયા પોતાની ગરીબીથી ખૂબ કંટાઈ ગઈ હતી. તેને ગોપાલના ભવિષ્યની ચિંતા થતી હતી. તેથી તેણે ગોપાલને, નંદકિશોર અને રાધિકાને સોંપવાનો નિર્ણય કર્યો હતો. દયાને ખબર હતી કે મારો ગોપાલ ત્યાં ખૂબ જ સુખી થશે અને ભણી–ગણીને સારી નોકરી કરશે. બીજા દિવસે એક માંનું હ્દય પોતાના નાનકડા ગોપાલને મળવા આતુર થવા લાગ્યું.

દયા, રાધિકાના ઘરે ગોપાલને મળવા ગઈ અને ત્યાં ગોપાલને દૂરથી રમતાં જોયો. તે ગોપાલને જોઈને ખૂબ ખુશ થઈ ગઈ. ગોપાલે નવાં કપડાં પહેરેલા હતા. દયાનું મન ગોપાલને મળવા આતુર હતું, પણ ગોપાલના સારા ભવિષ્ય માટે છેવટે દયાએ શહેર છોડી બીજો જવાનો નિર્ણય લીધો.

**– રિપલકુમાર પરીખ, અમદાવાદ**

# આફ્રિકન ડાયરી – ૫



૭ સપ્તાહની ભારતમાં રજા માણી કુટુંબ સાથે નવેમ્બર, ૧૯૮૪ના મધ્યમાં લાગોસ પાછા આવી ગયા. હવે હું નવા પડકારનો સામનો કરવા સજ્જ થઈ ગયો હતો. વિનોદભાઈની સાથે ફેક્ટરીની જવાબદારી નિભાવવા કામે લાગી ગયો. થોડા દિવસોમાં વિનોદભાઈનું કુટુંબ પણ ભારતથી અહીં આવી ગયુ. વિનોદભાઈના પત્ની અને તેમની એક ત્રણ વરસની પુત્રી અમારી સાથે જોડાયા. વિનોદભાઈ હવે અમારી ઉપરના ફ્લેટમાં રહેવા ગયા. મારા કુટુંબને પણ હવે તેમનો સાથ મળ્યો. હું અને વિનોદભાઈ વહેલી સવારથી મોડી સાંજ સુધી ફેકટરીના કામમાં વ્યસ્ત રહેતા. વીક એન્ડમાં અમે બંને ફેમિલી સાથે ફરવા નીકળી પડતા. હવે અન્ય ભારતીયો સાથે સંપર્ક વધવા લાગ્યો. ગુજરાતી સમાજ અને આઈ.એલ.એસ. (ઈન્ડીયન લેંગ્વેજ સ્કૂલ)ના પ્રોગ્રામમાં ભાગ લેતા થયા. ચાર પાંચ મહિના આમ આરામથી વીતી ગયા.

રાજકીય પરિસ્થિતિમાં ફરીથી નવો વળાંક આવ્યો. ૧૯૭૦માં તેમની મબલક કમાણીથી આકર્ષાઈ આજુબાજુના દેશોમાંથી અનેક લોકો નાઈજીરિયામાં નોકરીની શોધમાં આવી ગયા હતા અને અહીં જ સ્થાયી થઈ ગયા હતા પરંતુ મીલીટરી રાજે કિંમતી ફોરેન એક્સચેન્જ, લકઝરી કારો, ઈલેક્ટ્રીક આઈટમો વિ. આયાત કરવામાં ખર્ચી નાખ્યું હતું. તેથી હાલ નાઈઝીરીયાની આર્થિક હાલાત સારી નહોતી. રોબરી, ગુનાખોરીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. આમાં ઈમીગ્રન્ટોનો હાથ હોવાનું સરકારને લાગ્યું. એકાદ વર્ષ પહેલાં જ સરકારે બાજુનાં દેશો જેવા કે બેનીન, નાઈઝર, ચાડ અને કેમેરૂનની સરહદો બંધ કરી દીધી હતી. જેથી અહીંથી ગેરકાયદે કરન્સી અને અન્ય સામાનની થતી દાણચોરી અટકાવી શકાય.

હવે ગેરકાયદે અહીં રહેતા ઈમીગ્રન્ટોને પાછા કાઢવા જરૂરી થઈ ગયું હતું. તેથી મે, ૧૯૮૫ના પહેલા સપ્તાહમાં સરકારે બાજુના દેશોની સરહદો ખોલવાનો આદેશ આપ્યો અને લગભગ સાત લાખ ઈમીગ્રન્ટોને નાઈજીરીયા છોડી જવાનો હુકમ કર્યો. ઘાનાથી પણ ઘણા લોકો નાઈજીરીયાની ઓઈલ બુમનો લાભ લેવા ગેરકાયદે અહીં આવી ગયા હતા. આ લોકો કામમાં હોશિયાર હતા. અમારી ફેકટરીમાં પણ અમુક લોકો ઘાનાના હતા અને તેઓ કામ છોડી પાછા તેમના વતન જતા અમારા કામને પણ ઘણી અસર થઈ.

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

અમારી બિલ્ડીંગમાં હવે એક ત્રીજું ભારતીય કુટુંબ રહેવા આવી ગયું હતું. તે સિવાય અમારા બિલ્ડીંગથી બે–એક કી.મી.ના અંતરે જ અન્ય ભારતીય એક્સપાટ્રીયટના ઘર હતા. એક બાજુ અમે ફેક્ટરીના કામને વ્યવસ્થિત કરવામાં રોકાયેલા હતા. તો બીજી બાજુ અમારા રહેણાંક વિસ્તારમાં રોબરીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. દરરોજ નવા સમાચાર આવતા કે આજે આ ઘરે રોબરો આવેલ હતા. રોબરો આઠ–દસના ગ્રુપમાં આવતા. પહેલાં એક્સપાટ્રીયેટ રહેતા તે બિલ્ડીંગમાં કોઈ એકના ઘેર દરવાજો ખોલાવતા. ન ખોલે તો તોડી નાખતા. પછી અંદર આવી બંદૂકની અણીએ રોકડ અને કિંમતી વસ્તુઓની માંગણી કરતા. તે પછી એ ફ્લેટના ભાઈને સાથે લઈ બિલ્ડીંગના અન્ય ફ્લેટમાં જઈ બધાના દરવાજા ખોલાવતા અને રોકડ તથા કિંમતી સામાનની માંગણી કરતા. જાન બચાવવા રોબરોની માંગણીનો સ્વીકાર કર્યા વિના છુટકો ન હોતો. રોબરો મધરાતે ત્રાટકતા. ઘણી વખત ફ્રીઝમાંથી બીયર અને ખાવાની વસ્તુઓ લઈ પેટપૂજન પણ કરતા. અમારી કંપની તરફથી અમને ખાસ સૂચન કરવામાં આવેલું કે અમુક રોકડ રકમ ઘરમાં અચૂક રાખવી.

અહીં કોમ્યુનીકેશન માટે ફોનની સગવડ ન હોતી. મોટી કંપનીઓ તેમના પોતાના રેડિયો ફોનની સગવડ રાખતા અને દરેક સ્ટાફને વોકી ટોકી આપી રાખતા. અમારી પાસે આવી કોઈ સગવડ નહોતી. આ પરિસ્થિતિમાં ફેક્ટરીમાંથી ઘરે પહોંચી કુટુંબને લઈ હું તથા વિનોદભાઈ નજીકમાં રહેતા અન્ય ભારતીય મિત્રોના ઘરે જઈ પરિસ્થિતિનો કેમ સામનો કરવો તેનું પ્લાનીંગ કરતાં. પછી એમ નક્કી કર્યું કે ત્રણ ચાર ફેમીલીએ એક જ ઘરમાં સાથે રાત વીતાવવી. જેથી રોબરો આવી ચડે તો સામનો કરવામાં હિંમત રહે. થોડા દિવસ આમ ચલાવ્યું. પરંતુ રોબરીના કિસ્સા વધતા જતા હતા. તેથી અમોએ અમારા ઘરથી ત્રીસેક કી.મી. દૂર ઇકેજામાં રહેતા મિત્રોનો સંપર્ક કર્યો. પછી એમ નક્કી કર્યું કે દરરોજ સાંજે અમારે બંને ફેમિલી સાથે નીકળી જવું અને રાત કોઈ મિત્રને ઘેર ઇકેજામાં વીતાવવી. સવારે વહેલા ઊઠી ફરીથી અમે અમારે ઘેર પહોંચી જઈ અને ફેકટરીમાં હાજરી આપવી. ઈકેજા વિસ્તારમાં રોબરીનું પ્રમાણ ઘણું ઓછું હતું. આ વિસ્તારમાં મીલીટરી ઓફિસરો અને અન્ય પ્રધાનોના ઘર આવેલા હતા.

એકાદ મહિનો આમ અપ ડાઉન ચાલુ રહ્યું. આ દરમ્યાન ઈકેજામાં અમારી સીસ્ટર કંપનીના સ્ટાફ બિલ્ડીંગમાં એક ફલેટ ખાલી થયો. હું અને વિનોદભાઈ એ ફ્લેટમાં કુટુંબ સાથ શીફટ થઈ ગયા. એક ફલેટમાં એક રસોડે બે કુટુંબ પરંતુ તે બહુ ચાલ્યું નહીં. છોકરાઉના ઝઘડા થતા. તેથી એક ફલેટમાં બે રસોડા કરવા પડયા. એકાદ મહિના બાદ વિનોદભાઈ કુટુંબ સાથે રજા ઉપર ભારત જવા રવાના થયા. આ બિલ્ડીંગમાં સિપાહીભાઈ સાથે દોસ્તી થઈ

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

આમ લગભગ એક મહિનો બીજો ગયો. આખરે અમારી કંપનીએ ઈકેજામાં એક છ ફ્લેટનું બિલ્ડીંગ અમારે માટે ભાડેથી રાખ્યું. ઓગસ્ટ, ૧૯૮૫માં અમે નવા ઘરમાં ઇકેજા રહેવા ગયા. હવે દરરોજ ઈકેજાથી સાંગો ઓટા ૩૦ કિ.મી. ડ્રાઈવ કરી ફેક્ટરી આવ જાવ કરવાની રહેતી. આ દરમ્યાન મારી દીકરીનું પણ અહીંની આઈ.એલ.એસ. (ઈન્ડીયન લેંગ્વેઝ સ્કૂલ)માં એડમીશન થઈ ગયું.

નવા ઘરમાં પાણી માટે માત્ર બોરવેલ પર આધાર રાખવો પડતો. આ પાણી દેખાવમાં એકદમ ચોખ્ખું પણ બીજે દિવસે જોઈએ તો લાલ રંગનું થઈ જતું. પાણીમાં આયર્નનું પ્રમાણ વધારે હતું. તે સિવાય બીજી મુશ્કેલી હતી પાવર સપ્લાયની. દિવસમાં કેટલીય વખત લાઈટ જતી રહે. તેથી વોટર ફીલ્ટ્રેશન પ્લાન્ટ તથા ડીઝલ જનરેટર સેટની વ્યવસ્થા કરવાની હતી. બે એક મહિના લાલ પાણી અને અચોક્કસ લાઈટ પુરવઠાથી ચલાવ્યું. આખરે વોટર ફીલ્ટ્રેશન પ્લાન્ટ અને જનરેટર સેટની વ્યવસ્થા થઈ ગઈ.

વિનોદભાઈ પણ હવે ભારતથી પાછા આવી ગયા હતા. તેમના કુટુંબમાં એક પુત્રીનો વધારો થયો હતો. અમારી સીસ્ટર કંપની ઇંટરમેચના મી. થોમસ પણ હવે અમારા બિલ્ડીગમાં રહેવા આવી ગયા હતા. હવે અમારી ગાડી કાંઈક પાટા ઉપર ચડી હતી પરંતુ આ દરમ્યાન મને મુંબઈથી એક ટેલેક્ષ મળ્યો. એક સપ્તાહ પહેલાંનો ટેલેક્ષ હતો. તેમાં મારા સસરા શ્રીજી ચરણ પામ્યાના સમાચાર હતા. હિંમત રાખી મારા પત્નીને સમાચાર આપ્યા. મુંબઈ જવું અનિવાર્ય હતું. આખરે નવેમ્બર, ૧૯૮૫ના અંતમાં એર ફ્રાન્સમાં પેરિસ થઈ મુંબઈ જવા રવાના થયા. પેરિસમાં એક રાત હોટેલમાં રોકાવાનું હતું.

પેરિસ એરપોર્ટ પર ઈમીગ્રેશન વિધિ કરી આગળ વધ્યા. મોટી બેગો સીધી મુંબઈમાં મળે એવી રીતે બુક કરાવેલ. હેન્ડબેગ્સ સાથે કસ્ટમ ક્લીયરન્સની લાઈનમાં ઉભા રહ્યા. હેન્ડબેગ્સમાં અમારી પાસે પ્લાયવુડ ઉપર કાપડ ચડાવેલ એવી એક જુની બેગ હતી. જે અમે મુંબઈથી લાવેલ. ઓચિંતા જવાનું થતા નવી બેગ ખરીદવાનો સમય ન મળ્યો પરંતુ જુની બેગે મુસીબત ઉભી કરી. કસ્ટમ ઓફીસરે અનેક વખત આ બેગ મશીનમાં નાકી ચેક કરી પરંતુ તેમને સંતોષ ન થયો. આખરે અમને તેઓ એક રૂમમાં લઈ ગયા. બેગો ખોલાવી બારીકાઈથી બધો સામાન ચેક કર્યો. અનેક સવાલો પૂછયા. આખરે એકાદ કલાક બાદ કાંઈ ન મળતાં અમને જવા દીધા. સામાન પેક કરી એરપોર્ટના ગેટમાંથી બહાર નીકળ્યા. ઠંડી કહે મારૂં કામ. બારીક કરાનો વરસાદ પણ ચાલુ હતો. અમારી પાસે સ્વેટર સિવાય બીજા ઠંડીના કપડા ન હતા. આખરે બસ પકડી હોટલ ઉપર પહોંચ્યાં. લંચમાં ફળ અને બ્રેડની વાનગીઓ સિવાય વેજીટેરીયન ભોજનમાં બીજું

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

ખાસ કાંઈ ન હતું. લંચ લઈ પાછા રૂમ પર પહોંચ્યા. થોડો આરામ કરી સાંજે પાછા ફરવા નીકળશું એફિલ ટાવર જોવા. એમ વિચારી આડા પડ્યા. જાગ્યા ત્યારે ઘડિયાળમાં જોયું તો રાત પડી ગઈ હતી. એફિલ ટાવર બાજુએ રહી ગયો. ડીનર લેવા રેસ્ટોરન્ટમાં પહોંચ્યા. ત્યાં અચાનક અમારી મુલાકાત દિલીપભાઈ સાથે થઈ. દિલીપભાઈ મુંબઈથી લાગોસ પાછા જતા હતા. દિલીપભાઈ સાથે મુંબઈમાં એક કંપનીમાં દરેક વર્ષ પહેલાં કામ કરેલ. તે પછી વરસો બાદ લાગોસમાં ગુજરાતી સમાજના એક પ્રોગ્રામમાં ભેટો થઈ ગયેલ. તેમનો ચહેરો ઘણો બદલાઈ ગયો હતો. તેથી ઓળખી શકેલ નહીં. પહેલી વખત મળ્યા ત્યારે મેં પૂછેલું તમે દિલીપભાઈના ભાઈ છો કે ? તેમનો જવાબ : ના હું જ દિલીપભાઈ છું. દિલીપભાઈ સાથે વાતોમાં ઘણો સમય પસાર થઈ ગયો. ડીનર લઈ પાછા રૂમ ઉપર પહોચ્યા. રાત હોટલમાં વિતાવી વહેલી સવારે મુંબઈની ફલાઈટ પકડવાની હતી. બીજે દિવસે એક ફ્રાન્સની પેરિસ – મુંબઈ ફલાઈટમાં મુંબઈ જવા રવાના થયા. મનમાં એક વિચારો હતા. સસરા અચાનક ચાલ્યા જતાં સાસુમા એકલા થઈ ગયેલ. ઘરમાં સાસુ–સસરા એકલા જ ઘાટકોપરમાં રહેતા હતાં. મારી પત્નીના કોઈ ભાઈ નહીં. તેઓ ચાર બહેનો. હવે સાસુમાની સંભાળ રાખવાની વ્યવસ્થા કરવાની હતી. આમ વિચારોમાં સમય પસાર થઈ ગયો. અમારૂં પ્લેન મુંબઈમાં લેન્ડ થયું.

મુંબઈમાં ઘાટકોપર ઘરે પહોંચ્યા. સસરાની તેરમાની વિધી બે દિવસ પહેલાં જ પતી ગયેલ. અમે મોડા પડ્યા. બધા સગાવાલાને મળ્યા. મારા પત્નીના માસીના છોકરા સુભાષભાઈને બેંકની લેવડદેવડ અને ઘરની અન્ય જવાબદારી સોંપી. ચારેક સપ્તાહ મુંબઈમાં રોકાઈ ડીસેમ્બર, ૧૯૮૫ના અંતમાં પાછા લાગોસ પહોંચ્યા.

(ક્રમશઃ)

– અમુતભાઈ વાયડા

## સુવિચાર – સાહિત્ય રચનાઓ

એક નફરત છે, જે લોકોએક પળમાં સમજી જાય છે,
અને એક પ્રેમ છે, જેને સમજવામાં વર્ષો નીકળી જાય છે.

સ્વપ્ન એટલે... તારા વગર, તને મળવું...

મેડીકલેઈમ તો આખા શરીર નો હતો,
પણ ખાલી દિલ તુટ્યું હતું, એટલે કલેઈમ પાસ ન થયો..!

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# રહસ્ય



વિષ્ણુ – સંબંધ વાળાને વૈષ્ણવ કહેવાય, તો કૃષ્ણ–સંબંધવાળાને કાષ્ણં, કાષ્ણિ કે કાર્ષ્ણેય કહેવા જોઈએ છતાં વિષ્ણુ શબ્દ–પુરાણ પુરુષો વિષ્ણુઃ પુરુષોત્તમ ઉચ્યતે શ્રી પુરુષોત્તમ સહસ્ત્ર સ્તોત્ર થી પુરાણ–પુરુષ પુરુષોત્તમનો મુખ્ય વાચક છે. સગુણ દેવ – વિષ્ણુ તો પુરુષોત્તમ રસાત્મક શ્રીકૃષ્ણ જ છે, બ્રહ્મ પણ કૃષ્ણ જ છે તેથી કૃષ્ણ–સેવકો પણ વૈષ્ણવ કહેવાય છે. પુષ્ટિ (પુલિન– સિધ્ધાંત રહસ્યમ્ પૂજય શ્રી નવનીત પ્રિય શાસ્ત્રીજી નડીયાદ)

બ્રહ્મ સંબંધ કરવાથી સર્વના સ્થૂલ–લિંગ–દેહ અને જીવના સર્વ–દોષોની નિવૃતિ નિશ્ચિત રીતે થાય છે. (પુષ્ટિ પુલીન – સિધ્ધાંત રહસ્યમ્ પ.પૂ. નવનીત પ્રિયશાસ્ત્રીજી નડિયાદ) દેખીતે રીતે જોઈએ તો ઉપરોક્ત બન્નેમાં રહસ્ય જેવું લાગતુ નથી પણ મોટું રહસ્ય છુપાએલુ છે. આવું વ્યવહારમાં આપણે સાંભળીએ છીએ મરઘી પહેલા આવી કે ઈંડુ, દહીં બનાવવા માટે સૌથી પહેલું મેળવણ ક્યાંથી અને કેવી રીતે આવ્યું હશે આમાં પણ રહસ્ય રહેલુ છે. મોટા મોટા જ્ઞાનીઓ, વિદ્વાનો, પંડીતો માથુ ખંજવાળતા થઈ જાય છે, જીવાત્મા દેહ છોડી ક્યાં જાય છે તે રહસ્ય હજુ સુધી શોધાયુ નથી. દરેક કોમનાં માણસોનું લોહી લાલ કેમ હોય છે તે પણ વિચાર માગી લે તેવો પ્રશ્ન છે. ઘણીવાર આપણને બે વ્યક્તિનાં અવાજ સરખા લાગે છે તે શું છે ? ખરેખર સ્વર્ગ નરક, વૈકુંઠ, ગોલોકધામ, ક્ષીરસાગર, પાતાળ કોઈએ જોયા નથી તથા પુરાણો પર શ્રધ્ધા, ગુરુનાં વચનો પર શ્રધ્ધા (વિશ્વાસ) આસ્તિકનાં ભગવાનમાં આસ્થા હોવાથી માની લઈએ છીએ તે બધુ જરૂર છે. શ્રીમદ્ ભાગવતજી શ્રીહરિ શ્રીનાથજી બાવાનું (ભગવાન શ્રીકૃષ્ણનું) વાંગમય સ્વરૂપ છે. તેમાં લખેલું ખોટુ હોઈ શકે જ નહીં. આ જ શ્રધ્ધા આપણું અસ્તિત્વ ટકાવી રાખે છે. રહસ્યમય વાત એ છે કે હજુ સુધી કોઈને વૈકુંઠધામ, ગોલોકધામ, ક્ષીર સાગર, સ્વર્ગ કે નરકનો જાત અનુભવ થયો નથી (પોતાના જીવન દરમ્યાન). એ એક નક્કર હકીકત છે. ઘણાને મૃત્યુ પહેલા અગમચેતી આવી જાય છે. લગભગ તે પ્રમાણે થાય જ છે. ઘણાને આશીર્વાદ ફળે છે. ઘણાને શ્રાપ લાગે છે અને તે પ્રમાણે થઈને જ રહે

છે. એક રીતે જોઈએ તો શું આ રહસ્ય નથી ? સંત મહાત્માઓ પોતાના ભક્તો પર કૃપા કરી તેમના દર્દ દૂર કરે છે. ભક્તો સંતો મહાત્માનો ઉપકાર માની ખુશ થતા પોતાને ઘેર જાય છે પણ તે દર્દ કયાં જાય છે તે જાણવા તસ્દી કોઈ લેતુ નથી હકીકતમાં તે દર્દ સંત મહાત્મા પોતે વહોરી લે છે, સહન કરે છે પણ ભકતોને દર્દ મુક્ત કરી દે છે. આ બહુ મોટી રહસ્યની વાત છે ઘણા આ વાત થી અજાણ હોઈ શકે છે આવા તો ઘણા રહસ્યો આપણી આસપાસ હોય છે પણ તેનો આપણને જરા પણ ખ્યાલ હોતો નથી.

રહસ્યમય વાતો જાણવાની મજા આવે છે. રહસ્યમય ચિત્રો જોવાની મજા આવે છે. રહસ્ય ખોલનારને માર સહન કરવો પડે છે. બિસ સાલ બાદ, જવેલથીફ, તીસરી મંઝીલ, ઈત્તફાક, ગુમનામ, વહ કૌન થી, મેરાસાયા ચિત્રો જોવાની મજા આવે છે. સફેદ સાડીમાં ગીતો ગાતી અભિનેત્રીઓ બતાવવામાં આવે છે. રહસ્યમય ગીતો સાંભળવા પણ ગમે છે. દા.ત. કહી દીપ જલે કહી દીલ, ગુમનામ હૈ કોઈ, નૈના બરસે રીમઝીમ રીમઝીમ, તુ જહાં જહાં ચલેગા મેરા સાયા સાથ હોગા. ધાર્મિક ચિત્રોમાં ક્ષીરસાગર, કૈલાસધામ, વૈકુંઠ, સ્વર્ગમાં દેવસભા, પાતાળલોક, નારદજીનું પાત્ર, ભગવાન વિષ્ણુ, મહાદેવજી, ભગવાન કૃષ્ણ, યશોદા માતાજી વગેરે જોઈએ છીએ ત્યારે મનમાં કુતુહલ ઉત્પન્ન થાય છે આપણને આ બધુ જોવા મળશે, (વાસ્તવમાં) આ રહસ્ય પરથી પડદો ઉઠે ત્યારે વાસ્તવિકતા નજર સમક્ષ આવશે.

બધાને ખબર છે આપણે એકલા આવેલા અને એકલા જવાના છીએ. બધા સ્વાર્થી છે. છતાં ઘરના તેમ જ રૂપિયાનો મોહ ઓછો થતો નથી. કેટલા બધા સંતોનાં કથાકારોનાં વાકયો આપણા કાનમાં રેડાયા હશે પણ જીવની અવળ ચંડાઈ, આપણામાં રહેલા આંતરીક શત્રુઓ અગત્યનો ભાગ ભજવે છે. ભગવાનનું પુરતુ નામ લઈએ છીએ, શ્રધ્ધા વિશ્વાસ પણ છે છતાં સંસાર મોહ જતો નથી એની પાછળ પણ કંઈક રહસ્ય હશે.

ગયા જન્મોની વિસ્મૃતિ, ભવિષ્યથી અજાણ–આપણે શ્રીહરિનાં હાથની કઠપૂતલીઓ છીએ. ઈશ્વરની ઈચ્છાએ નાચીએ છીએ સમયે પૂરો થતા ખેલ પૂરો થશે. જીવન દરમ્યાન કરેલા કર્મોને આધારે અને મનના આધારે ‘અંતે સા મતિ યા ગતિ’ એ ન્યાયે બીજો અવતાર મળે છે અથવા પ્રભુનું ધામ મળે છે જીવનનું સૌથી મોટું રહસ્ય આ જ છે.

**– નવીનચંદ્ર દશરથલાલ ગાંધી**
**ભરૂચ (હાલ વડોદરા)**

## સંસ્કૃત



સંસ્કૃત ભાષા વિશ્વની શ્રેષ્ઠ ભાષા છે એમાં કોઈ બે મત નથી. અંગ્રેજોએ ભારતની શક્તિનું રહસ્ય તેની દીર્ઘકાલીન સંસ્કૃતિમાં રહેલું છે તે જાણી તેના પ્રાણરૂપ સંસ્કૃતનું મહત્ત્વ નષ્ટ કરવા યોજનાબદ્ધ રીતે પ્રયાસો કર્યા અને સંસ્કૃત મૃતભાષા છે તેવું ભારતીયોના મનમાં ઠસાવવામાં સફળ પણ થયા. આજે દુનિયાના લોકો સંસ્કૃતનો જેટલો વિરોધ નથી કરતા તેટલો વિરોધ ભારતનો ભણેલો વર્ગ કરે છે. અંગ્રેજીના મોહપાશમાં જકડાયેલા એ વર્ગને એ સમજાતું નથી કે સંસ્કૃત વગર ભારતનું અસ્તિત્વ જ નથી. ભારતે કાળના મહાન પટ પર અર્જિત કરેલું શાશ્વત જ્ઞાન માત્ર સંસ્કૃતમાં જ પડેલું છે. તેનાથી દૂર થઈને આપણે આપણા જ પગ પર કુહાડી મારી રહ્યા છીએ.

આ અંકથી શરૂ થતા સંસ્કૃત સંભાષણ પરિચય અને અભ્યાસમાં સંસ્કૃત ભાષાનાં નાનાં નાનાં વાક્યો દ્વારા સંસ્કૃત બોલવું સરળ અને મધુર છે તેવી અનુભૂતિ સૌએ કરવાની છે. આવા નાનાં નાનાં વાક્યો દ્વારા જ સંસ્કૃતના શ્લોકોની સમજ સુધી પણ પહોંચી શકાશે. સંસ્કૃત આપણને સૌને ગમે છે પરંતુ શીખવાની તક પ્રાપ્ત થતી નથી. અહીં આ તક પ્રાપ્ત કરીએ... આવો, આજથી આપણે પણ સંસ્કૃત બોલતાં શીખીએ અને અંગ્રેજીના રાઈમ્સ કડકડાટ બોલી જતાં ભુલકાઓનાં મુખમાં પણ થોડું સંસ્કૃત મૂકવાનો પ્રયાસ કરીએ.

**प्रथमं दिनम्**

**हरिः ॐ**

**कथं सन्ति सर्वे ?**

**કેમ છો બધા?** (How are you all ?)

**अद्य वयं संस्कृतभाषाशिक्षणस्य आरम्भं कुर्मः ।**

**આજે આપણે સંસ્કૃત ભાષાશિક્ષણનો આરંભ કરી રહ્યા છીએ.** (Today we are starting education of Sanskrit Language)

**संस्कृतम् अतीव सरला भाषा ।**

સંસ્કૃત અત્યંત સરળ ભાષા છે. (Sanskrit is a very easy language.)

संस्कृते संभाषणम् इतोपि सरलम् ।

સંસ્કૃતમાં વાર્તાલાપ તો એનાથીય સરળ છે. (Converstaion is Sanskrit is even easier.

---

आरम्भे परिचय: ।

આરંભે પરિચય કરીએ. (Introduction First)

मम नाम मेहुल: ।

મારું નામ મેહુલ છે. (My Name is Mehul)

भवत: नाम किम् ? (पु.)

આપનું નામ શું છે ? (પુ.) (What is your name ? (M)

मन नाम राम: । मम नाम श्याम: । मम नाम राजेन्द्र: ।

મારું નામ રામ છે. મારું નામ શ્યામ છે. મારું નામ રાજેન્દ્ર છે.

(My name is Ram / Shyam / Rajendra)

भवत्या: नाम किम् ? (स्त्री.)

આપનું નામ શું છે ? (સ્ત્રી) (What is your name ? (F))

મારું નામ લક્ષ્મી છે. મારું નામ લતા છે. મારું નામ સ્વાતિ છે.

(My name is Lakshmi/Lata/Swati.)

अहं मेहुल: ।

હું મેહુલ છું. (I am Mehul)

भवान् क: ?

આપ કોણ છો ? (પું.) (Who are you ? (M))

अहं राम: । अहं भास्कर: । अहं वेद: ।

હું રામ છું. હું ભાસ્કર છું. હું વેદ છું. (I am Ram / Bhaskar / Ved.)

## અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

भवती का ?
આપ કોણ છો ? (સ્ત્રી) (Who are you ? (F))

अहं सीता । अहं माधवी । अहं लक्ष्मीः ।
હું સીતા છું, હું માધવી છું, હું શ્રી છું. (I am sita / Madhavi / Shree.)

---

हरिः ॐ હેલો ! (Hello)

सुप्रभातम् । શુભ સવાર ! (Good Morning.)

नमस्कारः/नमस्ते નમસ્કાર / નમસ્તે (Namste)

शुभरात्रि : । શુભ રાત્રિ. (Good night)

धन्यवाद : । આભાર. (Thank You)

स्वागतम् । સ્વાગત (ધન્યવાદનો ઉત્તર) (Welcome)

चिन्ता मास्तु । ક્ષમા કરજો. (Excuse/Pardon me.)

कृपया । ચિંતા ન કરશો. (Don't worry).

कृपया । કૃપા / મહેરબાની કરીને (Please.)

पुनः मिलामः ल ફરી મળીશું. (See you again)

अस्तु । ઠીક છે. (All right. / O.K.)

सुभाषित :

संस्कृतं ये प्रशंसन्ति ये प्रशंसन्ति च संस्कृतिं ।
स्वदेशं च ये शंसन्ति धन्य जीवन्ति ते नराः ॥

જેઓ સંસ્કૃતની સંસ્કૃતિની તથા સ્વદેશની પ્રશંસા કરે છે તેઓનું જીવન ધન્ય છે.

**– ડો. મેહુલ શાહ, ભૂજ–કચ્છ**

(નોંધઃ વાચકોને સંસ્કૃત શીખવા મળે એટલે આ લેખ લખ્યો છે)

# સફળતાનું રહસ્ય



સફળતા સૌને ગમે છે અને છતાંયે જીવનમાં આપણે જાણીએ છીએ તેમ નિષ્ફળ માણસોની સંખ્યા સફળ લોકો કરતા ઘણી વધારે છે. આપણી અંદર રહેલી શક્તિઓનો વિકાસ કરવામાં આવે તો જીવનના કોઈ પણ ક્ષેત્રે સફળતા મળી શકે છે. મન કલ્પવૃક્ષ છે ! જેની ઈચ્છા રાખશો એ પામશો. આપણે જેની ઈચ્છા કરીએ તેમાં આપણી સમસ્ત કલ્પના શક્તિ રેડાવી જોઈએ. આપણું લક્ષ્ય આપણી સમક્ષ એકદમ સ્પષ્ટ હોવું જોઈએ. સફળતાનું આ રહસ્ય છે કે તમે જેટલી સ્પષ્ટતાપૂર્વક તમારી સામે રહેલા સ્વપ્નની પ્રતિ જોઈ રહ્યા છો એટલી જ સ્પષ્ટતાપૂર્વક તમે ઈચ્છિત લક્ષ્યને જોશો તો તમારા અંતર્મનમાં ઘર કરેલી બધી શક્તિઓ બહાર આવી તમારે સ્વપ્નને સાકાર બનાવી દેશે.

એક મિત્રનાં પત્ની માંદા પડ્યાં. હોસ્પિટલમાં એમને દાખલ કર્યા. એમને રોગ તો આમ કશો ન હોતો પણ એમને બીક પેસી ગઈ હતી કે હવે ટૂંકમાં જ તેઓ મરણ પામશે. એ બીકે દિવસમાં બે ત્રણ મૂર્છા આવી જતી. બીકે તો એમના પર એવી તો સજ્જડ પકડ જમાવી કે દાદરો ઉતરતાં ય બીવા માંડ્યા. એમને થતું કે એ દાદરાં પરથી પડી જશે અને તરત મરણ પામશે ! મિત્રે પૈસાનું પાણી કર્યું પણ ડોક્ટરોએ કંઈ કરી શકવાની અશક્તિ દર્શાવી. મિત્ર નિરાશ થઈ બેઠા. એક વડીલને વાત કરી તો વડીલે એમને કહ્યું. 'તમે જરા પણ ચિંતા ન કરો. તમારી પત્નીને લઈને મારે ઘરે આવજો.' મિત્ર એમની પત્નીને લઈ બીજે દિવસે એ વડીલને ત્યાં ગયા. એમણે મિત્ર પત્નીનો હાથ જોયો (એ કંઈ જ્યોતિષી ન હોતા) અને વિશ્વાસભર્યા સ્વરે બોલ્યા– 'જુઓ બહેન, તમને કોઈ ગોળીએ દઈ દેને તોય તમે અઠ્ઠાવન વર્ષ પહેલાં મરવાનાં નથી, તમે ઝેર લેશોને તો એનીય અસર તમને નહિ થાય, મૃત્યુની બીક તમારા મનમાંથી સદંતર કાઢી નાખો. એમ ધારી લો કે તમે એકદમ સાજા થઈ ગયા છો.' વિધિનું કરવું તે મિત્રની પત્નીને શ્રધ્ધા બેઠી. બસ તે દિવસની ઘડી ને આજનો દિવસ એ પછી નથી કોઈ દિવસ મૂર્છા આવી કે નથી મૃત્યુની બીકે વિહ્વળ થયા. આ પ્રયોગ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. જો રોગી પોતાના રોગને દૂર થયેલો માની પોતાને સ્વસ્થ કલ્પે તો એ જલ્દી સાજો થઈ જવાનો એ સત્ય છે. સર્વ શક્તિઓનો સ્રોત આપણી અંદર જ છે. પોતાનું ભવિષ્ય આપણે સ્વયં નિર્માણ કરી શકીએ છીએ તે નિશ્ચિત સત્ય વાત છે.

– દિલીપ શાહ, મુંબઈ

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## વાસ્તવિક્તા અને અપેક્ષા



'જે માણસ વાસ્તવિક્તા અને અપેક્ષા વચ્ચે સુમેળ સાધીને જીવે છે, તે ક્યારેય દુ:ખી થતો નથી."

સંસારમાં જે વિચારશીલ વ્યક્તિઓ હોય છે તેમના મનમાં સતત એક પ્રશ્ન ઘૂમરાતો હોય છે કે માણસ જીવનભર સુખ માટે મહેનત કરતો રહે છે. પણ છેવટે દુ:ખમાં શા માટે પરિણમે છે?

પ્રખર ચિંતક ઉમર ખય્યામના મનમાં પણ આ પ્રશ્ન કાંટાની જેમ ખૂંચ્યા કરતો હતો. તેનો ઉત્તર મેળવવા માટે તે મોટા મોટા વિચારકો અને તત્વજ્ઞાનીઓ સાથે વખતો વખત ચર્ચા કરતા હતા. છતાં તેમના મનનું સમાધાન થતું નહિ. તેઓ નિરાંતે ઉંઘી પણ શકતા નથી.

એક રાત્રે વેદના અસહ્ય બની જતાં ખય્યામ જાગી ગયા અને ઘરની બહાર આવી અનંત આકાશ સામે જોતાં રડી પડયા. આકાશના અનંત ઉંડાણમાં નજર નાંખતા તેમણે દર્દભર્યા સ્વરે પોકાર કર્યો : હે અસીમ આકાશ ! દૂર દૂર રહેલાં ચાંદ તારાઓ, તમે તો અનંતકાળથી હાજર છો. તમે મનુષ્યની અંતવિહીન પીડાઓના સાક્ષી છો. તમને જરૂર ખબર હશે કે માણસના દુ:ખનું કારણ શું છે અને આટલાં બધા દુ:ખો વચ્ચે મનુષ્યો કેવી રીતે જીવતા રહી શકે છે ?

આકાશનાં ચાંદ તારાઓએ ખય્યામને ઉત્તર આપ્યો કે નહિ તેની ખબર નથી પણ જો આપણે વિચાર કરીએ તો અવશ્ય લાગે કે માણસનું આખું જીવન સુખની આશામાં વ્યતિત થઈ જાય છે પણ તેને ક્યારેય લાગતું નથી કે હવે તેને સુખની પ્રાપ્તિ થઈ ગઈ. તેનું એક મુખ્ય કારણ એ છે કે માણસ જ્યાં સુખ માને છે, ત્યાં સુખ હોતું જ નથી. તેની સુખની પ્રાપ્તિ માટે દોડ પૂરી થતી જ નથી. વળી માણસ જેને સુખ માનીને દોડતો રહે છે તે સુખનો આભાસ હોય છે. પરિણામે માણસની સુખની પાછળની દોડ વ્યર્થ નીવડે છે. અને જીવનને અંતે તેને લાગે છે કે તેણે જીવનને વ્યર્થમાં વેડફી લીધું. વળી જીવનની વિષમતા એ છે કે મોટાભાગના લોકોને જીવન પૂરું થતા આવે, ત્યાં સુધી પણ આ વાતની ખબર પડતી નથી અને મોતની ઘડી સુધી સુખ માટે ફાંફાં મારતા લોકો દોડયા જ કરે છે. છેવટે અસહાય થઈને મરે છે.

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

માણસો મોટે ભાગે ધન, દોલત, કિર્તી, સ્ત્રી સંતતિ જેવા વિષયોની પ્રાપ્તિમાં સુખ માનીને જીવે છે. અને જે તે વિષયો મેળવવા માટે જીવનભર પ્રવૃત્તિ કરે છે. માણસને જ્યાં સુધી જે તે વિષયોની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તે દુઃખી રહે છે.

